

ગાંધીનગર સમાચાર

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૩૦ બ્લેકસ્ટોન ક્વોરી સંચાલકોની રાજ્ય વ્યાપી હડતાલ શરૂ

## બ્લેક કપચીનું ઉત્પાદન ઠપ્પ થતાં રાજ્ય સરકારની તિજોરીને દૈનિક રૂા. ૫૦ લાખની રોયલ્ટીની આવકનો ફટકો





બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨ બ્લેક સ્ટોન ક્વોરી સંચાલકોના અટવાયેલા અનેક પ્રશ્નોનો ઉકેલ ન આવતાં તા.૧ મે. ગુજરાત સ્થાપના દિવસથી રાજ્યના બ્લેક સ્ટોન ક્વોરી સંચાલકોએ ઉત્પાદન અટકાવી હડતાલ શરુ કરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૩૦ બ્લેક સ્ટોન ક્વોરી સંચાલકો રાજ્ય વ્યાપી હડતાલમાં જોડાતાં દિવસ-રાત ધમધમતા ઉદ્યોગ શાંત પડી ગયા છે. ઉત્પાદન ઠપ્પ થતાં બંન્ને જિલ્લામાંથી રાજ્ય સરકારની તિજોરીને દૈનિક ૦ લાખથી વધુની રોયલ્ટી આવકનો ફટકો પડ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ક્વોરી ઉદ્યોગકારોના અનેક અટવાયેલા પ્રશ્નો બાબતે સરકાર તેમજ વિભાગના મંત્રી અને અધિકારીઓ સમક્ષ રજૂઆતો પછી પણ કોઈ ઉકેલ ન આવતાં છેવટે ગત તા.૩૧ માર્ચના રોજ ક્વોરી ઉદ્યોગકારોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ક્વોરી ઉદ્યોગકારોના પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો ૩૦ દિવસ પછી એટલે કે ૧ મે.૨૦૨૨ થી ઉત્પાદન ઠપ્પ કરવાની ચીમકી આપી હતી. ક્વોરી ઉદ્યોગકારોના આવેદનની સરકાર અને તંત્ર ઉપર કોઈ અસર ન થઈ જેના કારણે ગત રોજ રાજ્ય ક્વોરી એસોસીએશનના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં અમદાવાદમાં બેઠક યોજાઈ હતી જેમાં પોતાના ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓનો સરકાર ઉકેલ ન લાવતાં રવિવારથી રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ક્વોરી ઉદ્યોગકારોએ ઉત્પાદન અચોક્કસ સુધી બંધ કરવાનો નિર્ણય કર્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તમામ ક્વોરી ઉદ્યોગ બંધ રહેતાં હજારો શ્રમજીવીઓને રોજગારી ગુમાવવાની સાથે ટ્રાન્સપોર્ટરોને પણ નુકસાન થઈ રહ્યું છે. જ્યારે સરકારની તિજોરીને દૈનિક સે ૬૦ લાખથી વધુની રોયલ્ટીની આવકમાં ફટકો પડવાની શરુઆત થઈ છે. સાબરકાંઠા, અરવલ્લી, ખેડા-દનાદરા ક્વોરી એસોસીએશનના પ્રમુખ રમણભાઈ પટેલ, મંત્રી ગોવિંદભાઈ પટેલે જણાવ્યું કે સરકાર સમક્ષ ક્વોરી ઉદ્યોગકારોના પડતર પ્રશ્નોની રજૂઆતો લાંબા સમયથી કરવામાં આવતી હતી પરંતુ ઉકેલ ન આવતાં ન છૂટકે રાજ્ય એસોસીએશન દ્વારા અપાયેલા આદેશ મુજબ જિલ્લામાં અચોક્કસ મુદત સુધી બ્લેક સ્ટોન ક્વોરી ઉદ્યોગ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

### કઈ પડતર માંગ મુદ્દે હડતાલનો જંગ

રાજ્ય બ્લેક ટ્રેપ ક્વોરી એસોસીએશને સરકાર દ્વારા પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં ગુજરાતના સ્થાપના દિવસથી ક્વોરી ઉદ્યોગે જડબેસલાક હડતાલ શરુ કરી છે. જેથી બાંધકામ ક્ષેત્રને અતિગંભીર અસર થવાની સંભાવના છે. તેમની મુખ્ય પડતર માંગોમાં ખાડા માપણી, ખાનગી માલિકીની જમીનમાં ક્વોરી લીઝા હરાજી વગર આપવી, ઈસી અને માઈનિંગ પ્લાન્ટ ઘન ખનિજમાં નહીં હોવા અંગે, ક્વોરી ઝોન ડીક્લેર કરવા, ખાણખનિજ અને આર.ટી.ઓ.નું જોડાણ અલગ કરવા, મશીન સેન્ડને સરકારી કામોમાં વાપરવા ફરજીયાત કરવું અને ખનિજ કિંમતમાં ફેરફાર કરવા સહિતના મુદ્દે સરકારમાં રજૂઆતો થઈ હતી પરંતુ દાયકા પછી પણ ઉકેલ આવ્યો નથી.

### ક્વોરી ઉદ્યોગકારોની હડતાલ, ૧૨૦૦ શ્રમજીવીઓ બેકાર

જિલ્લામાં ક્વોરી ઉદ્યોગકારોએ સરકાર દ્વારા પડતર પ્રશ્નોનો ઉકેલ ન લાવતાં બ્લેક કપચીનું ઉત્પાદન રવિવારથી બંધ કરી હડતાલમાં જોડાઈ ગયા છે જેના કારણે ક્વોરી ઉદ્યોગમાં કામ કરતા ૧૨૦૦ થી વધુ શ્રમજીવીઓ બેકાર બન્યા છે. હડતાલ લાંબો સમય ચાલે તો શ્રમજીવીઓની કારમી મોંઘવારીમાં હાલત કફોડી થઈ શકે છે.

---

# ડીસાની બજારોમાં ૨૦ માઈક્રોનથી ઓછા હલકી ગુણવત્તાના પ્લાસ્ટિકનું વેચાણ

**પ્લાસ્ટિક કચરો આરોગતા અબોલ પશુ જીવો મોતને ભેટ છે**

ડીસા શહેરમાં સરકાર દ્વારા નક્કી ?કરાયેલ ગુણવત્તા ?કરતા?



હલકી ગુણવત્તાના પ્લાસ્ટિકનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે.આ બાબતે ?એક જાગૃત નાગરિકે સોશ્યલ મીડિયાના માધ્યમથી ?હલકી ગુણવત્તાના પ્લાસ્ટિકનું ધૂમ વેચાણ કરનારા દુકાનદારોને ?ખૂલ્લા પાડતા ?દુકાનદારો? દ્વારા જાગૃત નાગરિકને ધાક ધમકી આપવામાં આવી હતી.તેથી જાગૃત નાગરિક દ્વારા પોતાના લોકશાહીની ચોથી જાગીર રૂપી સંગઠનના સાથ સહકારથી ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી અને બાદમાં સંગઠનના સાથ સહકારથી ડીસા નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ ઠક્કર સહિત નગરપાલિકાના ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવીને લેખિતમાં રજૂઆત કરી હતી અને ?ઉગ્ર માંગ કરી હતી કે હલકી ગુણવત્તાના પ્લાસ્ટિકનું ધૂમ વેચાણ થઈ રહ્યું હોવાથી પ્લાસ્ટિક કચરો ગમે ત્યાં ફેંકવામાં આવે છે ત્યારે અબોલ જીવો આવા પ્રકારના પ્લાસ્ટિક કચરાને આરોગતા સેવા ભાવિ સંસ્થા કે ગૌભકતો દ્વારા આવા અબોલ પશુઓની ગંભીર સર્જરી કરાવી મોતના મુખમાંથી ઉગારી લેવામાં આવે છે તેમછતાં કેટલીક વખત આવા હલકી ગુણવત્તાના પ્લાસ્ટિક કચરાને આરોગતા અબોલ પશુઓ મોતને ઘાટ ઉતરી રહ્યા છે ત્યારે યુધ્ધના ધોરણે હલકી ગુણવત્તાના પ્લાસ્ટિકનું ધૂમ વેચાણ કરનારા દુકાનદારોને ?ખૂલ્લા પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ પણ કરી હતી તેમ છતાં ડીસા પાલિકા તંત્ર ગાંધારીની ભૂમિકા ભજવી રહ્યું હોય તેમ ઠાલા વચનો અને હૈયાં ધારણા આપી કાર્યવાહી કરવાની જગ્યાએ મૂક પ્રેક્ષક બની તમાશો નિહાળી રહ્યું હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.જેના કારણે શહેરના રાજમાર્ગો અને દુકાનો આગળ પ્લાસ્ટિક કચરાના ઢગ ખડકાયા છે. જેથી સરકારના સ્વચ્છતા અભિયાનના પણ જાહેરમાં ધજાગરા ઉડી રહ્યા છે. જેના પગલે શહેરીજનોમાં તંત્ર પ્રત્યે રોષ છવાયો છે.

# ભિલોડાના ૭ ગામના લોકોએ ફોરલેન રોડનો વિરોધ કરી કલેકટરને આવેદન, ચૂંટણી બહિષ્કારની ચીમકી



ભિલોડામાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે ફોર લેન બાયપાસ રોડ બનાવવા જવાબદાર તંત્રએ તૈયારીઓ આદરી દીધી છે અને બાયપાસ રોડ બનાવવા જમીન સર્વે કરી માપણી હાથધરાવમાં આવતા બાયપાસ રોડ પસાર થતા ૭ જેટલા ગામોની જમીન રોડમાં કપાત થતા ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે ભિલોડા જાગૃતિ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ મોટી સંખ્યામાં લોકો જીલ્લા સેવાસદન કચેરી પહોંચી બાયપાસ રોડનો વિરોધ કરી કલેકટર ડૉ.નરેન્દ્ર મીણાને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી અને ભિલોડા રોડ પર દબાણ કરનારના દબાણ દૂર કરી રોડ પહોળો કરવામાં આવેની માંગ કરી વિધાનસભા ચૂંટણી બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ભિલોડા જાગૃતિ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને લીલછા, મઉ છાપરા, ખલવાડ, મોહનપુર સહીતના ગામલોકોએ સોમવારે જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે ભિલોડા બાયપાસ રોડ તેમના વિસ્તારમાંથી પસાર થતો હોવાથી તેમના મકાન, જમીન અને ખેતરો કપાતમાં જતા તેમને ખેતીની જમીન સિવાય અન્ય કોઈ વ્યવસાય ન હોવાથી રોજી રોટી અને મકાન છીનવાઈ જશે તેમજ ભિલોડા માંથી પસાર થતા રોડ પર દબાણો દૂર કરી રોડ પહોળો કરવામાં આવેની માંગ કરી હતી ગામલોકોએ તેમને યોગ્ય ન્યાય નહિ મળે તો આગામી વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર અને ઉગ્ર આંદોલન છેડવાનું આગેવાનોએ ચીમકી ઉચ્ચારી હતી.

# પ્રાંતિજ ખાતે શાન્તિ સમિતિની રમજાન ઈદના તહેવારને લઈને પોલીસ સ્ટેશન ખાતે બેઠક યોજાઈ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પોલીસ સ્ટેશનમાં રમજાન માસ ની ઈદ ને લઈને પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ વાય.બી.બારોટ દ્વારા શાંતિ સમિતિ ની બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નગર ના અગ્રણીઓ વેપારીઓ વિવિધ કોમના આગેવાનો સહિત હિન્દુ મુસ્લિમ આગેવાનોની બેઠક યોજાઈ. પ્રાંતિજ ખાતે દરવર્ષ ની જેમ આવર્ષે પણ રમજાન ઈદ ના તહેવાર ને લઈ ને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ વાય.બી.બારોટ ની અધ્યક્ષતામા શાન્તિ સમિતિ ની બેઠક પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે યોજાઈ હતી જેમાં શહીદ ભાઈ ઝાઝવાલા, ફેજાલામ ભાઈ, સુરેશભાઈ પટેલ, રેખાબેન સોલંકી, અમરીશાઈ પટેલ , હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, રાણા વકીલ, સફીભાઈ, અબરારભાઈ કસ્બાતી સહિત વેપારીઓ તથા હિન્દુ મુસ્લીમ આગેવાનો સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા અને શાન્તિ અને એકતા જળવાઈ તે માટે ની પ્રાર્થના કરી હતી જ્યારે આવનાર રમજાન ઈદ ના તહેવાર શાન્તી અને સલામત રીતે ઉજવાય તે માટે ઉપસ્થિત સોવકોઈ દ્વારા ખાતરી આપી હતી.

# લગ્નસરાની સીઝન ખુલતાં બજારોમાં સમી સાંજ પછી જામતી ઘરાકી

## જિલ્લામાં અખાત્રીજથી લગ્નસરાની સીઝન જામશે : આ વખતે લગ્નના ૧૪ મુહુર્તથી અઢળક લગ્નો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તા.૩ મે. અખાત્રીજથી વણજોયા મૂહર્તમાં લગ્નસરાની સીઝન શરુ થવા જઈ રહી છે. આ વખતે વૈશાખ મહિનામાં લગ્નના ૧૪ મુહર્ત હોવાથી અઢળક લગ્નોના આયોજનો થયાં છે. બજારોમાં પણ હવે ઘરાકીના રુપમાં લગ્નોની અસર દેખાઈ છે. જ્યારે મંડપ ડેકોરેટર્સ, ગોરમહારાજ, ડી.જે. સાઉન્ડ તેમજ સંગીત જલસા પાર્ટીઓને કોરોનાના દોઢ વર્ષ પછી કમાણીની તક મળી છે.



દર વર્ષે જિલ્લામાં અખાત્રીજથી લગ્નના ઢોલ અને શરણાઈઓ ગુંજવા લાગતી હોય છે પરંતુ કોરોના સંક્રમણના કારણે દોઢ વર્ષ સુધી સંક્રમણ હાવિ રહેતાં લગ્નસરાની સીઝનને તેની વિપરીત અસર થઈ લગ્ન સંલગ્ન ધંધાઓને કોરોનાના લીધે મા નુક્સાન પહોંચ્યું હતું પરંતુ હવે કોરોના કાળ બાદ આગામી વૈશાખ માસમાં લગ્નના ૧૪ મુહર્ત હોવાની સાથે અઢળક લગ્નના આયોજનો થયાં છે જેના કારણે જિલ્લામાં અખાત્રીજથી લગ્નોની સીઝન પૂરબહારમાં ખીલી ઉઠશે. છેલ્લા કેટલાક દિવસથી બજારમાં કારમી મોંઘવારી અને નિરસ ઘરાકીના કારણે મંદીનો માહોલ જોવા મળ્યો પરંતુ અખાત્રીજ નજીક આવતાં બજારોમાં ધીરે ધીરે લગ્નસરાની ખરીદી શરૂ થઈ છે. છેલ્લા ૨-૩ દિવસથી ઝવેરી, વસ્ત્ર, ઈલેક્ટ્રોનિક સહિતની ખરીદીમાં લગ્નોના લીધે વધારો જોવા મળી રહ્યો છે. વેપારીઓએ પણ વૈશાખ માસમાં લગ્નના આયોજનને કારણે અગાઉથી દુકાનોમાં માલ સ્ટોક કરી રાખ્યો હતો અને લગ્ન સંલગ્ન ચીજવસ્તુઓની ખરીદી શરુ થતાં વેપારીઓએ રાહત અનુભવી છે. કોરોનાના સંક્રમણ દરમ્યાન લગ્નની તમામ સીઝનમાં વેપારીઓને નિરાશ થવું પડ્યું હતું પરંતુ તા.૩ સે. થી જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સંખ્યાબંધ લગ્નોના આયોજનો થઈ ચૂક્યાં છે જેમાં લગ્ન સંલગ્ન ધંધાર્થીઓના એડવાન્સ બુકીંગ થયાં હોવાથી ૧૪ મુહર્ત દરમ્યાન જિલ્લો લગ્નમય બનવાના અણસાર છે. કાળઝાળ મોંઘવારીમાં તાજેતરમાં સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થયો હોવાના કારણે ઝવેરી બજારમાં ખરીદીની ચમક જોવા મળી રહી છે.

# ગાંધીનગરનો શ્રેય પટેલ ફાઈનલ ઈયર એમ.બી.બી.એસ.માં ડીસ્ટીક્શન ગુણ સાથે ઉત્તિર્ણ....

## આકરૂન્દ ગામ આંજણા પાટીદાર સમાજનું ગૌરવ વધાર્યું


બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨ ગાંધીનગર સેક્ટર-૨૬માં રહેતા હિતેન્દ્રકુમાર વી. પટેલ(પ્રિન્સીપાલ-વાસણારાઠોડ હાઈસ્કુલ, તા.દહેગામ) અને ચૈતાલીબેન પટેલ(ઉ.શિ.-હરખજીનામુવાડા પ્રા.શાળા)ના પુત્ર ડૉ.શ્રેય પટેલે ચાલુ સાલે લેવાયેલ ફાઈનલ ઈયર એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ૬૪ ટકા ડીસ્ટીક્શન ગુણ સાથે ઉત્તિર્ણ થઈ હિંમતનગર સરકારી મેડીકલ કોલેજ તેમજ ધનસુરા તાલુકા આકરૂન્દ ગામ અને આંજણા પાટીદાર સમાજનું ગૌરવ વધાર્યું છે. શ્રેય પટેલે તબીબી અભ્યાસમાં યશસ્વી દેખાવ કરવાની સાથે અગાઉ ક્રિકેટમાં પણ પોતાની તેજસ્વી પ્રતિભાનો સૌને પરિચય કરાવ્યો હતો. શિક્ષક દંપતિના પુત્રની યશસ્વી સિદ્ધિને સમાજના અગ્રણીઓ, મિત્રો, સબંધીઓએ અભિનંદન પાઠવ્યા હતા.



# ડેમાઈનો હરનિશ પટેલ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ડીસ્ટીક્શન ગુણ સાથે ઉત્તિર્ણ

## આંજણા પાટીદાર સમાજમાં ખુશાલી છવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨ બાયડ તાલુકાના ડેમાઈનો હરનિશ પટેલ પીમ્સ મેડીકલ કોલેજમાં ડીસ્ટીક્શન ગુણ સાથે ઉત્તિર્ણ થઈ ડેમાઈ ગામ તેમજ આંજણા પાટીદાર સમાજનું ગૌરવ વધારવા સાથે એમ.બી.બી.એસ.ના તમામ વર્ષમાં ડીસ્ટીક્શન ગુણ સાથે ઉત્તિર્ણ થઈ યશસ્વી પ્રતિભાની સૌને પ્રતિતિ કરાવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર બાયડના અનેક મેડીકલ છાત્રોએ ઉમદા પરિણામ મેળવી સમગ્ર તાલુકાને વિવિધ યુનિ.માં ગૌરવ અપાવ્યું છે. બાયડ તાલુકાના ડેમાઈ ગામના અને હાલ બાયડમાં રહેતા કૌશિકભાઈ આર. પટેલ(એગ્રો સર્વિસ સેન્ટર-ડેમાઈ) અને શેતલબેન પટેલ(અરજણવાવ પ્રા.શાળા)ના પુત્ર ડૉ.હરનિશ પટેલે સાંઈ તિરૂપતિ યુનિ.-ઉદેપુરની પીમ્સ મેડીકલ કોલેજના છેલ્લા વર્ષમાં ૬૬ ટકા ગુણ સાથે ઉત્તિર્ણ થઈ સમગ્ર સમાજ અને ગામને ગૌરવ અપાવ્યું છે. વિરાટ સિદ્ધિ બદલ સમાજના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.



**પાલનપુર નગરપાલિકાની સાધારણ સભામાં ભારે હોબાળો....**

# મહિલા પાલિકા પ્રમુખે મહિલા વિપક્ષના નેતાનું મોઢું સુંઘવાનું કહેતા ભારે વિવાદ

પાલનપુર તા.૨ બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરની ભાજપ શાસિત નગરપાલિકામાં ગતરોજ મળેલી સાધારણ સભામાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચે ભારે હોબાળા બાદ ગણતરીની મિનિટોમાં જ બોર્ડની બેઠક પૂર્ણ કરવામાં આવી હતી. પ્રમુખ શ્રીમતી હેતલ રાવલ ના અધ્યક્ષ સ્થાને મળેલી આજની બેઠકમાં શહેરના વિકાસ કાર્યો સહિત અન્ય કામગીરી અંગે વિપક્ષ નેતા અંકિતા ઠાકોરે ચર્ચાની માગણી કરતા સત્તાધારી પક્ષ દ્વારા મંજુર મંજૂર કરી બેઠક ઝડપથી પૂર્ણ કરવા તરફ આગળ વધતાં વિપક્ષના સભ્યોએ ભારે દેકારો મચાવ્યો હતો.

આજની બેઠકમાં ચોંકાવનારી ઘટના બની હતી કે, પાલિકા પ્રમુખ હેતલબેન રાવલે પાલિકાના કર્મચારીને વિપક્ષના મહિલાનેકા અંકિતા ઠાકોર નું મોઢું સુઘવાનું .કહેતા ભારે વિવાદ થવા પામ્યો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ અંગે પાલિકા પ્રમુખની ચેમ્બરમાં વિપક્ષના સભ્યો એ ઘૂસી જઈ ભારે દેકારો મચાવ્યો હતો. છેલ્લા કેટલાય સમયથી લગભગ મોટાભાગના તમામ બોર્ડની બેઠકમાં ગણતરીની મિનિટોમાં જ મંજૂર કરી બોર્ડ પૂર્ણ જાહેર કરી દેવાતા વિપક્ષના સભ્યો અને વિપક્ષના મહિલા નેતા અંકિતા ઠાકોર પાલિકાના સત્તાધારી પક્ષને શહેરના વિકાસ કાર્યોમાં કોઈ રસ ન હોય માત્ર ને માત્ર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ બન્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.



આ ઘટના સમગ્ર શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બની હતી. ત્યારે વિપક્ષ કોંગ્રેસના સભ્યો અને સંગઠનના હોદ્દેદારો દ્વારા બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ અને સંગઠનના હોદ્દેદારો ને ભાજપના નગરપાલિકાના પ્રમુખ હેતલ રાવલ સામે ઉગ્ર રજૂઆતો કરી હોવાનું જાણવા મળ્યું છે.

# રાષ્ટ્રનો સાચો વિકાસ કરવો હોય તો પ્રાકૃતિક ખેતી અપનાવો : મહેશભાઈ પટેલ

**સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના ચેરમેન મહેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક ખેતી અને ખેડૂતોની આવક વધારવા બાબતે ચિંતન શિબીર યોજાઈ : બેંકને અટલ પેન્શન યોજનાનો રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો : નિવૃત્ત થયેલા કર્મચારીઓનું સન્માન કરાયું : બેંકની ક્રેડિટ સોસાયટી ની સામાન્ય સભા મળી હતી**

બાયડ તા.૨ બીએપીએસ સ્વામી નારાયણ મંદિર , હિંમતનગરના વિશાળ સંકુલમાં ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના તમામ કર્મચારીઓ અને પ્રાકૃતિક ખેતીના તજજ્ઞો અને અનુભવી ખેડૂતોની બેંકના યુવા ઉત્સાહી ચેરમેનશ્રી મહેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ચિંતન શિબિર યોજાઈ હતી.જેમાં બેંકના કર્મનિષ્ઠ ચેરમેન મહેશભાઈ પટેલે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના તમામ ખેડૂતો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલ બેંકના તમામ કર્મચારીઓને પ્રાકૃતિક ખેતી અને તેનાથી ખેડૂતો તથા તમામ માનવજીવન તેમજ દેશના અર્થતંત્રને થતા ફાયદાઓ વિશે ઉદાહરણો સહીત વિસ્તૃત માહિતી આપી ભારત દેશના વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબશ્રીની પ્રાકૃતિક ખેતી ધ્વારા ખેડૂતોની આવક ડબલ કરવાની વિવિધ યોજનાઓની વિગતવાર માહિતી આપી તમામ કર્મચારીઓને ખેડૂતો સાથે સંકલનમાં રહી તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી ધ્વારા ખેતીના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરી ખેતી આવકો વધારી ખેડૂતોને સમાજમાં આર્થિક રીતે સક્ષમ બનાવવા સહભાગી થવા અનુરોધ કર્યો હતો . આ શિબિરમાં પ્રાકૃતિક ખેતીના તજજ્ઞો શ્રી પ્રફુલભાઈ સેંજલીયા તથા શ્રી નારસંગભાઈ મોરી એ પણ હાજર રહી પ્રાકૃતિક ખેતી વિશે સમજુતી આપી બેંકના તમામ કર્મચારીઓને બંને જિલ્લાઓના ખેડૂતો સાથે સંકલનમાં રહી પ્રાકૃતિક ખેતીનું સરળ અમલીકરણ કરાવી ખેત ઉત્પાદક ખર્ચમાં ઘટાડો કરાવી ખેતીની આવકો ડબલ કરાવવા જણાવ્યુ હતુ સાથે સાથે સાબરકાંઠા જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ અનુભવી ખેડૂત શ્રી રઘજીભાઈ પટેલ , કાનપુર ( ઈડર ), અરવિંદભાઈ પટેલે પોતે પ્રાકૃતિક ખેતી નો અભિગમ અપનાવી ખેત ઉત્પાદન ખર્ચ ઘટાડી ખેતીની આવકમાં કરેલ વધારા અંગેના અનુભવો પણ વ્યકત કર્યા હતા.




## અવસાન નોંધ



બાયડ : બાયડના જશુભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ(કોર્પોરેટર : નગરપાલિકા-બાયડ, ડિરેક્ટર : બાયડ માર્કેટયાર્ડ), પરેશભાઈ પટેલના માતા મધુબેન જેઠાભાઈ પટેલનું દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થની અનંત યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.

## જન્મદિને વધામણી



જયકિશન આર.પટેલ
આકૃંદ તા.ધનસુરા



સંભુ ખાંટ, કવિ અનિકેત
પ્રોફેસર,
ઊજડેશ્વર બી. એડ. કોલેજ
પાટ્યો તા.ધનસુરા



રસિક પટેલ
બાયડ



મેહુલ બ્રહ્મભટ્ટ
આકૃદ તા.ધનસુરા